# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-07-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : FRIDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

**સમાચાર નિકિતા શાહ વાંચે છે.**

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બિહાર અને પશ્ચિમ બંગાળમાં અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, ઉદ્ઘાટન કરશે.
2) અમદાવાદ, ગાંધીનગર અને સુરત સહિતનાં શહેરોને સ્વચ્છતા સર્વેક્ષણમાં વિવિધ વિભાગોમાં પુરસ્કાર એનાયત
3) ભારતે, પરમાણુ શસ્ત્રો વહન કરી શકે તેવી ટૂંકી અંતરની બેલિસ્ટિક મિસાઇલો પૃથ્વી-2 અને અગ્નિ-1નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું
4) અમેરિકાએ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં સામેલ ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ-TRF ને આતંકવાદી સંગઠન જાહેર કર્યું છે.
5) ભારતના સુજીત કલ્કલે હંગેરીમાં આયોજિત કુસ્તી સ્પર્ધામાં 65 કિગ્રા પુરુષોની ફ્રીસ્ટાઇલ કેટેગરીમાં સુવર્ણ ચંદ્રક જીત્યો

*************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# PM – BIHAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બિહાર અને પશ્ચિમ બંગાળની મુલાકાત લેશે. શ્રી મોદી આજે બિહારના  ચંપારણ જિલ્લાના મોતીહારી ખાતે 7,200 કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, ઉદ્ઘાટન કરશે. આ વિકાસ પ્રોજેક્ટ્સ રેલ, માર્ગ, ગ્રામીણ વિકાસ, મત્સ્યઉદ્યોગ, ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી ક્ષેત્રો સાથે સંબંધિત છે. પ્રધાનમંત્રી ચાર નવી અમૃત ભારત ટ્રેનોને લીલી ઝંડી આપશે જે બિહારના મહત્વપૂર્ણ શહેરોને અન્ય ભાગો સાથે જોડશે.પ્રધાનમંત્રી અનેક રેલ પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરશે. શ્રી મોદી પરિયાથી મોહનિયા રોડના ચાર-લેન પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે.

આ અંગે સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ.

**(બાઈટ -- હિમાંશું)**

બિહારમાં મત્સ્યઉદ્યોગ અને જળચરઉદ્યોગ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના હેઠળ અનેક પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે

શ્રી મોદી દીનદયાળ અંત્યોદય યોજના હેઠળ બિહારમાં ૬૧ હજારથી વધુ સ્વ-સહાય જૂથોને ૪૦૦ કરોડ રૂપિયા ફાળવશે. તેઓ પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના હેઠળ ૨૦૦૦ લાભાર્થીઓને ઘરની ચાવીઓ સોંપશે અને ૪૦૦૦૦ લાભાર્થીઓને ૧૬૦ કરોડ રૂપિયાથી વધુનું ભંડોળ ફાળવશે.તેઓ મોતીહારીના ગાંધી મેદાનમાં એક જાહેર સભાને પણ સંબોધિત કરશે.

શ્રી મોદી પશ્ચિમ બંગાળના દુર્ગાપુરમાં 5000 કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે. આમાં તેલ અને ગેસ, વીજળી, રેલ અને રોડ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. શ્રી મોદી દુર્ગાપુરમાં એક રેલી પણ કરશે.

. . . . . . . . . . . . . .

# SWACCHA SURVEKSHAN

ભારતનાં સૌથી સ્વચ્છ શહેર તરીકે ઇન્દોર સતત આઠમા વર્ષે પ્રથમ ક્રમે આવ્યું છે, જ્યારે સુરત બીજા અને નવી મુંબઇ ત્રીજા ક્રમે આવ્યું છે.

ત્રણથી 10 લાખની વસ્તી ધરાવતા શહેરોમાં નોઇડા સૌથી વધુ સ્વચ્છ શહેર તરીકે જાહેર થયું છે. ત્યારબાદ ચંદીગઢ અને મૈસુરનો ક્રમ છે.

10 લાખથી વધુ વસ્તી ધરાવતા દેશનાં સૌથી સ્વચ્છ શહેરોમાં અમદાવાદ પ્રથમ ક્રમે આવ્યું છે. ગઇ કાલે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સ્વચ્છતા સર્વેક્ષણ 2024-25 માટેનાં વિજેતા શહેરોને પુરસ્કારો અર્પણ કર્યાં હતાં. રાજ્યના કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ, શહેરના મેયર પ્રતિભા જૈન અને મ્યુનિસિપલ કમિશ્નર બંછાનિધી પાનીએ પુરસ્કાર સ્વીકાર્યો હતો.

10 લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં સુપર સ્વચ્છ લીગમાં સુરત દેશમાં બીજા ક્રમે રહ્યું છે, જ્યારે 3 થી 10 લાખની વસ્તી ધરાવતા શહેરોમાં ગાંધીનગરને પણ સ્થાન મળ્યું છે. સ્વચ્છતાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કાર્ય બદલ વડોદરા અને કેન્દ્રશાસિત પ્રદેશ દમણને "ઉભરતાં સ્વચ્છ શહેર" તરીકે સન્માનિત કરવામાં આવ્યા છે.

ગાંધીનગર લોકસભાના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહે આ પુરસ્કરો મેળવવા બદલ અમદાવાદ અને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

સ્વચ્છ સર્વેક્ષણ **2024-25**માં રાજકોટ ઝોનમા મધ્યમ કદની શ્રેણીમાં ગોંડલ પ્રથમ**,** જસદણ ત્રીજા સ્થાને તથા ધોરાજી ચોથા સ્થાને આવ્યાં છે.

................

# DEFENCE- MISSILES

ભારતે, પરમાણુ શસ્ત્રો વહન કરી શકે તેવી ટૂંકા અંતરની બેલિસ્ટિક મિસાઇલો પૃથ્વી-2 અને અગ્નિ-1નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે.

આ પરીક્ષણ ઓડિશાના ચાંદીપુરથી કરવામાં આવ્યું હતું. બુધવારે આકાશ પ્રાઇમ મિસાઇલનું પણ સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું, જેનો ઉપયોગ લદ્દાખમાં સાડા ચાર હજાર મીટરથી વધુ ઊંચાઈએથી કરી શકાય છે.

પૃથ્વી-2 મિસાઇલની રેન્જ લગભગ ત્રણસો પચાસ કિલોમીટર છે અને તે પાંચસો કિલોગ્રામ સુધીનો ભાર વહન કરી શકે છે.જ્યારે અગ્નિ-1 મિસાઇલની રેન્જ સાતસોથી નવસો કિલોમીટર છે અને તે એક હજાર કિલોગ્રામ સુધીનો ભાર વહન કરી શકે છે.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું છે આ પ્રક્ષેપણોએ તમામ ઓપરેશનલ અને ટેકનિકલ પરિમાણોને માન્ય કર્યા હતા. આ પરીક્ષણો સ્ટ્રેટેજિક ફોર્સીસ કમાન્ડના નેજા હેઠળ હાથ ધરવામાં આવ્યા હતા.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે, ભારતીય સેના, DRDO અને ઉદ્યોગને આ નોંધપાત્ર સિદ્ધિ પર અભિનંદન આપ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . .

# INS NISTAR

ભારતીય નૌકાદળ આજે વિશાખાપટ્ટનમ ખાતે તેનું પ્રથમ સ્વદેશી ડાઇવિંગ સપોર્ટ જહાજ DSV INS નિસ્તાર કાર્યાન્વિત કરશે.

'નિસ્તાર' એક સંસ્કૃત શબ્દ છે જેનો અર્થ બચાવ અથવા મુક્તિ થાય છે. વિશાખાપટ્ટનમ સ્થિત હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ દ્વારા સ્વદેશી રીતે ડિઝાઇન અને નિર્માણ કરાયેલ, નિસ્તાર સંરક્ષણ ઉત્પાદનમાં ભારતની 'આત્મનિર્ભરતા' તરફ એક મોટું પગલું છે. અત્યાધુનિક સિસ્ટમોથી સજ્જ નિસ્તારનું લોન્ચિંગ સંરક્ષણ ક્ષેત્રના સ્વદેશીકરણમાં ભારતની સતત પ્રગતિ દર્શાવે છે અને તેની પાણીની અંદર યુદ્ધ અને બચાવ ક્ષમતાઓને મજબૂત કરવા માટે ભારતીય નૌકાદળની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે

. . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

)ગોન્ગ મ્યુઝિક(

. .

# NADDA- HEALTH

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ કહ્યું છે કે સરકાર, સ્વસ્થ ભારત માટે નિવારક અને ઉપચારાત્મક બંને પ્રકારની આરોગ્યસંભાળ સેવાઓ પૂરી પાડવા માટે એક સર્વાંગી અભિગમ સાથે કામ કરી રહી છે. નવી દિલ્હીમાં એક કાર્યક્રમને સંબોધતા શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે સરકારે 1.77 લાખ આયુષ્માન આરોગ્ય મંદિરો સ્થાપ્યા છે અને તે  દૂરના વિસ્તારોમાં પણ કાર્યરત છે. શ્રી નડ્ડાએ કહ્યું કે તમામ આયુષ્માન આરોગ્ય મંદિરોમાં ટેલિ-કન્સલ્ટેશન સુવિધા ઉપલબ્ધ છે.

(બાઇટ- જગત પ્રકાશ નડ્ડા)

. . . . . . . . . . . . . . . . .

# GOYAL – COMMERCE

વૈશ્વિક વેપાર અને વાણિજ્યમાં ભારતની સ્થિતિની સમીક્ષા કરવા અને તેને મજબૂત બનાવવા વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ગઈકાલે વિડીયો કોન્ફરન્સ દ્વારા 61 દેશોમાં 74 ભારતીય મિશનમાં તૈનાત અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

બેઠકમાં શ્રી ગોયલને વૈશ્વિક બજારો અને અન્ય પ્રાદેશિક મુદ્દાઓ સંબંધિત પડકારો વિશે માહિતી આપવામાં આવી હતી. શ્રી ગોયલે કહ્યું કે ભારતમાંથી નિકાસને પ્રોત્સાહન આપવા અને યજમાન દેશો સાથેના સંબંધો સુધારવામાં ભારતીય મિશનની ભૂમિકા મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે બજારના વલણો, ચોક્કસ ક્ષેત્રોમાં વિકાસ અને નિયમનકારી શાસન પર અપડેટ રહેવાની જરૂર છે. શ્રી ગોયલે WTO સહિત અન્ય બહુપક્ષીય મંચો, ખાસ કરીને કૃષિ, ખાદ્ય સુરક્ષા માટે જાહેર સંગ્રહ અને મત્સ્યઉદ્યોગ સબસિડીના ક્ષેત્રોમાં ભારત માટે સમર્થન મેળવવાના પ્રયાસો પર પણ ભાર મૂક્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . .

# EC - BIHAR SIR

ચૂંટણી પંચે જણાવ્યું છે કે સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) પહેલ હેઠળ બિહારમાં અત્યાર સુધીમાં સાત કરોડ આઠ લાખથી વધુ મતગણતરી ફોર્મ એકત્રિત કરવામાં આવ્યા છે.

પંચે એક નિવેદનમાં જણાવ્યું છે કે આ ઝુંબેશના હવે માત્ર આઠ દિવસ બાકી છે અને અત્યાર સુધીમાં 89.7 ટકા મતદારોએ આગામી મહિનાની પહેલી તારીખે પ્રકાશિત થનારી ડ્રાફ્ટ મતદાર યાદીમાં સામેલ થવા માટે તેમના મતગણતરી ફોર્મ સબમિટ કર્યા છે. નિવેદનમાં જણાવાયું છે કે કોઈપણ મતદાર ECINET એપ અથવા તેની વેબસાઇટ પર તેમના મતગણતરી ફોર્મની સ્થિતિ પણ ચકાસી શકે છે.

બિહારના તમામ 261 શહેરી સ્થાનિક સંસ્થાઓના તમામ 5 હજાર 683 વોર્ડમાં આ સંદર્ભમાં ખાસ કેમ્પનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, 1.59 ટકા મતદારો મૃત મળી આવ્યા છે , 2.2 ટકા કાયમી સ્થળાંતરિત થયા છે  અને 4.53 ટકા મતદારો તેમના સરનામાં પર મળ્યા ન હતા. તેમાં કહેવામાં આવ્યું છે કે જે લોકો અસ્થાયી રૂપે બિહારની બહાર ગયા છે તેઓ પણ ECINET એપ અથવા તેની વેબસાઇટ દ્વારા તેમના મોબાઇલ ફોનનો ઉપયોગ કરીને ઓનલાઇન મતગણતરી ફોર્મ ભરી શકે છે.

. . . . . . . . . . . . . .

# USA - TRF

અમેરિકાએ ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ-TRF ને આતંકવાદી સંગઠન જાહેર કર્યું છે. આ સંગઠન 22 એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં સામેલ હતું.

અમેરિકી સચિવ માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે TRF ને વિદેશી આતંકવાદી સંગઠન જાહેર કરવું એ ટ્રમ્પ વહીવટીતંત્રની અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા હિતોનું રક્ષણ કરવા અને આતંકવાદ સામે લડવાની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

લશ્કર-એ-તૈયબાના એક જૂથ TRF એ 22 એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની જવાબદારી સ્વીકારી હતી, જેમાં 26 લોકો માર્યા ગયા હતા. TRF એ ભારતીય સુરક્ષા દળો પરના ઘણા અન્ય હુમલાઓની જવાબદારી પણ સ્વીકારી છે.

મંગળવારે SCO વિદેશ મંત્રીઓની બેઠકમાં વિદેશ મંત્રી એસ જયશંકરે જણાવ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે પણ પહેલગામ હુમલાની નિંદા કરી છે અને આતંકવાદ સામે મજબૂત વલણ અપનાવવાની જરૂર જણાવી છે.

. . . . . . . . . . . . . . . . .

# WRESTLING

કુસ્તીમાં, ભારતના સુજીત કલ્કલે હંગેરીના બુડાપેસ્ટમાં આયોજિત પ્રતિષ્ઠિત પોલાક ઇમરે અને વર્ગા જાનોસ મેમોરિયલ ટુર્નામેન્ટમાં 65 કિગ્રા પુરુષોની ફ્રીસ્ટાઇલ કેટેગરીમાં સુવર્ણ  ચંદ્રક જીત્યો છે.

ભારતીય કુસ્તીબાજે ફાઇનલમાં શાનદાર પ્રદર્શન કરીને ચાર વખતના યુરોપિયન મેડલ વિજેતા અલી રહીમઝાદેને 5-1થી હરાવ્યો. આ વર્ષે કોઈપણ રેન્કિંગ શ્રેણી ઇવેન્ટમાં ભારતીય કુસ્તીબાજ દ્વારા જીતવામાં આવેલો આ પહેલો સુવર્ણ  ચંદ્રક છે. ભારતે 57 કિગ્રા પુરુષોની ફ્રીસ્ટાઇલ કેટેગરીમાં પણ પોડિયમ ફિનિશ મેળવ્યું, જ્યાં રાહુલે, જર્મનીના ખેલાડીને 4-0 થી હરાવીને કાંસ્ય ચંદ્રક જીત્યો.

. . . . . . . . . . . . . . . . . . .

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

રાજ્યના મુખ્ય અખબારોએ સ્વચ્છ સર્વેક્ષણના સમાચારને મુખ્ય પેજ પર સ્થાન આપ્યું છે

- નવ-ગુજરાત સમય ગૌરવશાળી અમદાવાદ : સ્વચ્છ શહેર કેટેગરીમાં નંબર એક જાહેરના સમાચાર છાપ્યા છે
- દિવ્ય ભાસ્કરે “હવે સ્વચ્છતા જ પ્રભુતાનું” મથાળું આપ્યું છે
- સંદેશે મની લોન્ડરીગ કેશમાં રોબર્ટ વાડરા સામે હરીયાણા જમીન મુદ્દે ચાર્જશીટને પ્રથમ પાને સ્થાન આપ્યું છે
- નવ-ગુજરાત સમયે દેશહિત ઈંધણ વધુ જરૂરી NATOની ધમકી નહીં ચાલે તેવું શીર્ષક આપ્યું છે
- રાજસ્થાન પત્રિકાએ “IIT કે છાત્રાઓને બદલ દિયા ગણિત બઢ ગઈ ભાગીદારી “ મુખ્ય પાને સ્થાન આપ્યું છે

ઈરાકના શોપિંગ મોલમાં ભીષણ આગ 61થી વધુ લોકો ભડથું સમાચારને બોક્સમાં સ્થાન આપ્યું છે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .